# ઓઈસ્ટર સાથે હરવું ફરવું




MAYOR OF LONDON

National Rail

Transport for London

# મેયરનો પરિચય



## ઓઈસ્ટરમાં તમારું સ્વાગત છે!

તેની શરૂઆત કરવામાં આવી છે ત્યારથી, ઓઈસ્ટર કાર્ડ પાટનગરમાં જાહેર વાહનોમાં મુસાફરી કરવા માટેની એક સૌથી ઝડપી અને સૌથી સસ્તી પદ્ધતિ બની રહી છે. લંડનમાં દરરોજ ઓઈસ્ટરનો ઉપયોગ કરીને લાખો લોકો મુસાફરીઓ કરે છે અને આપણી પરિવહન વ્યવસ્થાને સરળતાથી ચાલતી રાખવામાં તે એક અગત્યની ભૂમિકા ભજવે છે.

તમે ટ્રાવેલકાર્ડ (Travelcard)નો ઉપયોગ કરતાં હો કે પછી પે એઝ યુ ગો ક્રેડિટ (pay as you go credit) વાપરતાં હો, પાટનગરની બસો, ટ્યુબ (Tube), ટ્રામો, ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ (London Overground) અને નેશનલ રેઈલ (National Rail)ની સેવાઓનો ઉપયોગ કરવાનો આના કરતાં બહેતર રસ્તો બીજો એકેય નથી. સિંગલ (એકમાર્ગી) મુસાફરીઓ માટેના પૈસા ચૂકવવાનો તે એક સૌથી સસ્તો રસ્તો પણ છે.



**બોરિસ જ્હોનસન, લંડનના મેયર**

# ઓઈસ્ટર તમારા માટે શું કરી શકે છે?

## લંડનમાં બસ, ટ્યુબ (Tube), ટ્રામ, ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ (London Overground) અને નેશનલ રેઈલ (National Rail)ની સેવાઓમાં સિંગલ મુસાફરીઓ માટે પૈસા ચૂકવવાની સૌથી સસ્તામાં સસ્તી પદ્ધતિ ઓઈસ્ટર (Oyster) છે.

£5 ની ડિપોઝીટ ભરીને ઓઈસ્ટર કાર્ડ ખરીદો અને તેમાં પે એઝ યુ ગો (તમે વાપરતાં જાવ તેમ ચૂકવતા જાવ) ક્રેડિટ ઉમેરીને ટોપ અપ કરાવો અને/અથવા તમારી સીઝન ટિકિટ તેમાં ઉમેરો. અને યાદ રાખો કે તમારું ઓઈસ્ટર કાર્ડ ફરી ફરીને વાપરી શકાય તેવું છે!

પાન **4** પર આપેલું ટેબલ જુઓ કે તમારી સિંગલ મુસાફરીઓ માટે રોકડેથી પૈસા ચૂકવવાને બદલે જો તમે ઓઈસ્ટરનો ઉપયોગ કરો તો તમે કેટલા પૈસા બચાવી શકો છો.

આ ઉપરાંત, જો તમે તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર કરાવેલું હશે તો તેમાં રાખેલા રોકડા પૈસા તેમજ ટિકિટોનું ચોરાઈ કે ખોવાઈ જવા સામે રક્ષણ કરી શકાશે. સ્ટેશનો પરથી અથવા ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ પરથી રજિસ્ટ્રેશન માટેનું ફોર્મ મેળવો અથવા તમારા ઓઈસ્ટર કાર્ડનું રક્ષણ અને વહીવટ અહીંથી ઓનલાઈન કરો **tfl.gov.uk/oyster**

બાળકો, કિશોરાવસ્થાનાં લોકો, વિદ્યાર્થીઓ તેમજ કેટલાંક પુખ્ત વયનાં લોકો માટે ડિસ્કાઉન્ટો (વળતરો) મળી શકે છે – વધારે માહિતી માટે **tfl.gov.uk/tickets** જુઓ અથવા **0845 330 9876** પર ફોન કરો.



# પુખ્ત વ્યક્તિનાં સિંગલ ભાડાંમાં ઓઈસ્ટર સાથે બચત

| ક્યાં મુસાફરીઃ | રોકડેથી | ઓઈસ્ટર પે એઝ યુ ગો | |
|---|---|---|---|
| | | પીક1* | ઓફ-પીક 2* |
| ટ્યુબ, ડી.એલ.આર., લંડન ઓવરગ્રાઉન્ડ નેશનલ રેઈલની કેટલીક સેવાઓ3* | | | |
| માત્ર ઝોન 1 | £4.00 | £1.90 | £1.90 |
| ઝોન્સ 1-2 | £4.00 | £2.50 | £1.90 |
| ઝોન્સ 1-4 | £5.00 | £3.40 | £2.50 |
| ઝોન્સ 1-6 | £5.00 | £4.50 | £2.70 |
| નેશનલ રેઈલની મોટાભાગની સેવાઓ | | | |
| માત્ર ઝોન 1 | £2.20 | £2.00 | £1.50 |
| ઝોન્સ 1-2 | £2.60 | £2.20 | £1.70 |
| ઝોન્સ 1-4 | £4.00 | £3.30 | £2.30 |
| ઝોન્સ 1-6 | £5.50 | £5.20 | £3.20 |
| બસ અને ટ્રામ | | | |
| કોઈ પણ મુસાફરી | £2.20 | £1.30 | |

1* પીક (વ્યસ્ત સમયનાં) ઓઈસ્ટર સિંગલ ભાડાં સોમવારથી શુક્રવાર (જાહેર રજાઓ સિવાય) સવારે 0630થી 0930 સુધી અને બપોરે 1600થી સાંજે 1900 સુધી લાગુ પડે છે.

2* બીજા બધા સમયે ઓફ-પીક (વ્યસ્ત ન હોય તેવા સમયે) ઓઈસ્ટર સિંગલ ભાડાં લાગુ પડે છે.

3* ઝોન 1ની બહારથી શરૂ કરવામાં આવતી અને ઝોન 1 માં પૂરી કરવામાં આવતી મુસાફરીઓ માટે ઓફ-પીક (વ્યસ્ત ન હોય તેવા સમયનાં) ઓઈસ્ટર સિંગલ ભાડાં પણ સોમવારથી શુક્રવાર બપોરે 1600થી સાંજે 1900 સુધી લાગુ પડે છે. વધારે વિગતો માટે જુઓ **tfl.gov.uk/tickets**

# તમારી મુસાફરી માટે ઓઈસ્ટરથી પૈસા ચૂકવવા

## પે એઝ યુ ગો (Pay as you go)

### તમે જ્યારે મુસાફરી કરો ત્યારે જ તેના પૈસા ચૂકવો તેવી અનુકૂળતા ઈચ્છતાં હો, તો ઓઈસ્ટર પે એઝ યુ ગો (જેમ વાપરતાં જાવ તેમ પૈસા ચૂકવતાં જાવ) વાપરો.

પે એઝ યુ ગોથી તમે તમારી સિંગલ મુસાફરીઓ માટે તમારા ઓઈસ્ટર કાર્ડ ઉપર ક્રેડિટ (જમા રકમ) સંગ્રહી શકો છો, જે રોકડેથી પૈસા ચૂકવવા કરતાં સસ્તું પડે છે. અમારો ધ્યેય એ ખાતરી કરવાનો છે કે ઓઈસ્ટરથી હંમેશાં ઓછામાં ઓછાં ભાડાં લેવામાં આવે. જ્યાં તેવું નહિ થાય ત્યાં તફાવતની રકમ અમે પાછી ચૂકવી આપીશું.

તમારા ઓઈસ્ટર કાર્ડ ઉપરની ક્રેડિટની ક્યારેય આખરી તારીખ હોતી નથી. તમે તે વાપરો નહિ ત્યાં સુધી તે તેમાં જ રહે છે. તમે એકવાર તમારી ક્રેડિટ વાપરી નાંખો તે પછી માત્ર તમારે તેને 'ટોપ અપ' જ કરાવવાની રહે છે.

### ઓઈસ્ટર ડેઈલી પ્રાઈસ કેપિંગ (ઓઈસ્ટર ઉપર દૈનિક ભાવ નિયંત્રણ)

દિવસમાં તમે ઈચ્છો તેટલી વાર (સવારના 0430 વાગ્યાથી બીજા દિવસની સવારના 0430 સુધી) મુસાફરી કરી શકો છો અને તમારે તેની બરોબરીના ડે ટ્રાવેલકાર્ડ (Day Travelcard)* કરતાં વધારે પૈસા ક્યારેય ચૂકવવા નહિ પડે. તમે ક્યારે અને કેવી રીતે મુસાફરી કરો છો તેના આધારે સિસ્ટમ દ્વારા કૅપ (નિયંત્રણ)ની ગણતરી કરી લેવામાં આવે છે. સાચા ડેઈલી પ્રાઈસ કૅપ લાગુ પાડવા માટે, તમારે સાચી રીતે ટચ ઈન અને આઉટ કરવાનું જરૂરી છે - 'તમારા ઓઈસ્ટર કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરવો' તેની વિગતો માટે પાનું 8 જુઓ.

* ગ્રેઈઝ (Grays), પરફ્લીટ (Purfleet), ઓકેન્ડેન (Ockenden) અથવા ચેફોર્ડ હન્ડ્રેડ (Chafford Hundred)થી/સુધી કરવામાં આવતી મુસાફરીઓ માટે લાગુ પડતું નથી.

## ઓટો ટોપ અપ (Auto top-up)

### જો તમે પે એઝ યુ ગો વાપરતાં હો, તો તમે ઓટો ટોપ-અપની ગોઠવણ કરીને વધારે સમય બચાવી શકો છો.

કાર્ડમાં ફરીથી ક્રેડિટ ઉમેરાવવા માટે તમારે લાઈનોમાં ઊભા નહિ રહેવું પડે. ઓટો ટોપ-અપ ગોઠવવાથી જ્યારે પણ તમારા કાર્ડમાં £8 કરતાં ઓછું બેલેન્સ બાકી રહેશે ત્યારે આપમેળે જ તેમાં £20 ની અથવા £40 ની ક્રેડિટ (તમે જે પસંદ કરેલી હશે તે રકમ) ઉમેરાઈ જશે. એટલે કે તમારા પે એઝ યુ ગો માટે ક્યારેય તમારી ક્રેડિટ ખલાસ નહિ થાય. ઓટો ટોપ-અપ ગોઠવવા માટે **tfl.gov.uk/oyster** જુઓ.

# ટ્રાવેલકાર્ડ (Travelcard) અને બસ એન્ડ ટ્રામ પાસ સીઝન ટિકિટો (Bus & Tram Pass season tickets)

## અગાઉથી તમારા ઓઈસ્ટર કાર્ડમાં તમારી સીઝન ટિકિટો ઉમેરાવો અથવા રીન્યૂ કરાવો.

ટ્રાવેલકાર્ડ સીઝન ટિકિટો ટ્યુબ, ડી.એલ.આર., લંડન ઓવરગ્રાઉન્ડ અને તમારી ટિકિટમાં આવરી લેવામાં આવેલા ઝોન્સની અંદર નેશનલ રેઈલ પર તેમજ આ નિશાની દર્શાવતી લંડનની બધી જ બસો પર વાપરી શકાય છે.

ઝોન્સ 3, 4, 5 અને 6 આવરી લેતી કોઈ પણ ટ્રાવેલકાર્ડ સીઝન ટિકિટો ટ્રામો પર માન્ય રખાય છે. ઉપરાંત તમારા ઓઈસ્ટર કાર્ડ પર રાખેલા ટ્રાવેલકાર્ડમાં તમને રિવરબોટનાં ભાડાંમાં પણ 1/3 કપાત મળે છે.

બસ એન્ડ ટ્રામ પાસ સીઝન ટિકિટોનો ઉપયોગ લંડનની બધી જ બસો અને ટ્રામો પર કરી શકાય છે.

કૃપા કરીને યાદ રાખશો, જો તમારા ઓઈસ્ટર કાર્ડમાં સીઝન ટિકિટ રાખેલી હોય, તો તે માત્ર તમારા ઉપયોગ માટે જ છે, આથી બીજાં કોઈને વાપરવા માટે તમે તમારું કાર્ડ આપી શકશો નહિ. સીઝન ટિકિટો વિશે વધારે માહિતી માટે જુઓ **tfl.gov.uk/tickets**

# સીઝન ટિકિટો અને પે એઝ યુ ગો ભેગાં કરીને વાપરવાં

## એક જ કાર્ડ પર પે એઝ યુ ગો ક્રેડિટ અને તમારી સીઝન ટિકિટ બંનેનો સંગ્રહ કરો.

આનાથી તમે અહીં મુસાફરીઓ કરી શકો છોઃ

- તમારા ટ્રાવેલકાર્ડમાં આવરવામાં ન આવ્યા હોય તેવા બહારના ઝોન્સમાં
- જો તમારા ઓઈસ્ટર કાર્ડ પર બસ એન્ડ ટ્રામ પાસ સીઝન ટિકિટ રાખેલી હોય તો બીજાં પ્રકારનાં વાહનો પર.

# નદી સેવાઓ પર પે એઝ યુ ગો

## થેમ્સ ક્લિપર (Thames Clipper)ની સેવાઓ પર મુસાફરીઓ માટે તમારી પે એઝ યુ ગો ક્રેડિટનો ઉપયોગ કરો.

તમે જ્યારે ઓઈસ્ટર પે એઝ યુ ગો વાપરો ત્યારે 10% કપાત મેળવો. નદી સેવા માટેની ટિકિટ વેચનારને તમારું કાર્ડ બતાવો અને તેઓ તમને કાગળ પર છાપેલી ટિકિટ આપશે.
તમારી મુસાફરી માટેનું ભાડું તમારી પે એઝ યુ ગો ક્રેડિટમાંથી કાપી લેવામાં આવશે - આ તમારા ડેઈલી પ્રાઈસ કૅપમાં ગણાશે નહિ. વધારે વિગતો માટે **tfl.gov.uk/tickets** જુઓ.



# તમારું ઓઈસ્ટર કાર્ડ કેવી રીતે વાપરશો

## પીળા રંગનું (યલો) કાર્ડ રીડર



તમે ટ્યુબ, ડી.એલ.આર., લંડન ઓવરગ્રાઉન્ડ અને નેશનલ રેઈલની સેવાઓ પર સાચું ભાડૂં ચૂકવો છો તેની ખાતરી કરવા માટે, તમારે હંમેશાં તમારી મુસાફરીની શરૂઆતમાં પીળા રંગના કાર્ડ રીડર પર તમારું કાર્ડ ટચ ઈન કરવાનું અને મુસાફરીના અંતમાં ટચ આઉટ કરવાનું જરૂરી રહેશે. જો તમે તેમ નહિ કરો, તો તમારી પાસેથી વધુમાં વધુ ઓઈસ્ટર ભાડું લેવામાં આવશે.

બસો ઉપર, તમે જ્યારે બસમાં ચડો ત્યારે ટચ ઈન કરવાનું રહેશે, ટ્રામો ઉપર તમે ટ્રામમાં ચડો તે પહેલાં ટ્રામના પ્લેટફોર્મ પર મૂકેલા પીળા રંગના કાર્ડ રીડર પર તમારું કાર્ડ ટચ ઈન કરવાનું રહેશે - આ બંને વાહનોમાં તમારી મુસાફરી પૂરી થયે તમારે કાર્ડ ટચ આઉટ ન જ કરવું જોઈએ.

તમે જ્યારે કાર્ડ રીડર પર તમારું કાર્ડ ટચ કરશો ત્યારે લીલી લાઈટ થશે અને એક બીપ વાગશે, જેનો અર્થ એવો છે કે તે મુસાફરી માટે તે સ્વીકારી લેવામાં આવ્યું છે. જો લાલ લાઈટ થાય અને બે વાર બીપ વાગે, તો તેનો અર્થ એવો છે કે તમારું ઓઈસ્ટર કાર્ડ નકારવામાં આવ્યું છે. જ્યાં સુધી મુસાફરી માટે તમારું ઓઈસ્ટર કાર્ડ સ્વીકારવામાં ન આવે અથવા તમારી મુસાફરી માટે તમે અલગથી પૈસા ન ચૂકવી દો ત્યાં સુધી તમારે આગળ ન જ વધવું જોઈએ, નહિતર તમારે દંડરૂપે ભાડું ચૂકવવું પડશે અથવા તમારા પર કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

## ઓઈસ્ટર રૂટ વેલિડેટર - ગુલાબી રંગનું (પિન્ક) કાર્ડ રીડર



ગુલાબી રંગનાં કાર્ડ રીડરો કેટલાંક ટ્યુબ, લંડન ઓવરગ્રાઉન્ટ અને નેશનલ રેઈલનાં સ્ટેશનો પર લગાવેલાં છે, જેથી તમે યોગ્ય ભાડું ચૂકવો છો તેની ખાતરી કરવા માટે તમે કયો રૂટ (માર્ગ) લીધો છો તે તમે દર્શાવી શકો છો. તમારી મુસાફરીના કોઈ પણ ભાગ માટે જો તમે ઓઈસ્ટર પે એઝ યુ ગો વાપરતાં હો અને જ્યાં ગુલાબી રંગનું કાર્ડ રીડર લગાવેલું હોય તેવા કોઈ એક સ્ટેશનેથી ટ્રેઈનો બદલવાનાં હો તો જ તમારે તમારું ઓઈસ્ટર કાર્ડ ગુલાબી કાર્ડ રીડર પર ટચ ઈન કરવાની જરૂર છે.

# તમારું ઓઈસ્ટર કાર્ડ કેવી રીતે મેળવવું, ટોપ-અપ કરાવવું અને તેનું રક્ષણ કરવું

તમે નીચેનાં સ્થળોએથી ઓઈસ્ટર કાર્ડ મેળવી શકો છોઃ

- **tfl.gov.uk/oyster**
- ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ
- ટ્યુબ સ્ટેશનો પર લગાવેલાં અમુક પસંદગીનાં ટચ સ્ક્રીન ટિકિટિ મશીનો
- ટ્યુબ અને લંડન ઓવરગ્રાઉન્ટ સ્ટેશનોની ટિકિટ ઓફિસો
- લંડન ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટરો
- અમુક પસંદગીનાં નેશનલ રેઈલ સ્ટેશનો પરની ટિકિટ ઓફિસો

તમે અહીં ક્રેડિટ ઉમેરાવી શકો છો અને સીઝન ટિકિટો ખરીદી કે રીન્યૂ કરાવી શકો છોઃ

- **tfl.gov.uk/oyster** પર ઓનલાઈન (વાર્ષિક બસ એન્ડ ટ્રામ પાસ સીઝન ટિકિટો માત્ર પહેલીવાર જ ઓનલાઈન મેળવી શકાય છે). ખરીદ્યાના 24 કલાક પછી તમારી મુસાફરીના ભાગરૂપે કાડ ટચ ઈન કરીને તમારી ક્રેડિટ/સીઝન ટિકિટ મેળવી લો.
- ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ - તમારી નજીકનું સ્ટોપ ક્યાં આવેલું છે તે અહીંથી ઓનલાઈન જાણો **tfl.gov.uk/ticketstopfinder**
- ટ્યુબ અને લંડન ઓવરગ્રાઉન્ડ પરનાં ટચસ્ક્રીન ટિકિટ મશીનો અને સ્ટેશન પરની ટિકિટ ઓફિસો
- લંડન ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટરો
- ડી.એલ.આર. ટચસ્ક્રીન ટિકિટ મશીનો
- અમુક પસંદગીનાં નેશનલ રેઈલ સ્ટેશનો પરનાં ટચસ્ક્રીન ટિકિટ મશીનો (માત્ર પે એઝ યુ ગો અને 7 ડે ટ્રાવેલકાર્ડ માટે) અને ટિકિટ ઓફિસો

# તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર કરાવીને તેનું રક્ષણ કરો

તમારું ઓઈસ્ટર કાર્ડ તમે જ્યારે રજિસ્ટર કરાવો અને જો તે ખોવાઈ કે ચોરાઈ જાય, તો પણ તમારી ક્રેડિટ અને સીઝન ટિકિટો સુરક્ષિત રહે છે. તમારી નિયમિત મુસાફરીને અસર કરી શકે તેવા મુસાફરીને લગતા અદ્યતન સમાચારો (આયોજિત વિક્ષેપો સહિત) તેમજ નવી સેવાઓ વિશેની માહિતીનો પણ તમને ફાયદો મળી રહે છે.

જો તમે હજુ સુધી તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર ન કરાવ્યું હોય, તો તે માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ લઈ આવો અને તે ભરીને તમારા સ્થાનિક ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ, ટ્યુબ અથવા લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશન પર આપી આવો. અથવા તમે તમારા ઓઈસ્ટર કાર્ડનું **tfl.gov.uk/oyster** પર ઓનલાઈન રક્ષણ પણ કરી શકો છો.




## યાદ રાખો!
## તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર કરાવો.

# અવારનવાર પૂછવામાં આવતા પ્રશ્નો

## મારું ઓઈસ્ટર કાર્ડ  ખોવાઈ કે ચોરાઈ જાય તો મારે શું કરવું જોઈએ?

જો તમે તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર કરાવેલું કે સુરક્ષિત કરાવેલું હશે, તો તમારી ક્રેડિટ/સીઝન ટિકિટો સલામત રહેશે. વધારે માહિતી માટે, અને તે ખોવાઈ કે ચોરાઈ ગયા વિશે જાણ કરવા માટે, **tfl.gov.uk/oyster** પર ઓનલાઈન જાવ અથવા ઓઈસ્ટર હેલ્પલાઈનને **0845 330 9876** પર ફોન કરો. રજિસ્ટર નહિ કરાવેલા/સુરક્ષિત નહિ કરાવેલા ઓઈસ્ટર કાર્ડ ખોવાઈ કે ચોરાઈ ગયાની જાણ કર્યે તમને તે માટેના પૈસા પરત કરવામાં આવી શકે નહિ.

## મારી પાસેથી શા માટે ઓઈસ્ટર મહત્તમ ભાડું લેવામાં આવ્યું છે?

ઓઈસ્ટરનું મહત્તમ ભાડું ત્યારે લેવામાં આવે છે જ્યારે પે એઝુ ગો વાપરીને તમે તે ટ્યુબ, ડી.એલ.આર., લંડન ઓવરગ્રાઉન્ડ અથવા નેશનલ રેઈલની સેવાઓ પર સાચી રીતે ટચ ઈન અને ટચ આઉટ કરતાં નથી.

## મારા ઓઈસ્ટર કાર્ડ પર ‘નેગેટિવ બેલેન્સ’ હોય તો મારે શું કરવું જોઈએ?

તમે હવે પછી મુસાફરી કરો તે પહેલાં તમારું નેગેટિવ પે એઝ યુ ગો બેલેન્સ ક્લીઅર કરવા માટે તમારે તેમાં ક્રેડિટ ઉમેરાવવી પડશે. તમે આમ નહિ કરો ત્યાં સુધી તમે મુસાફરી નહિ કરી શકો.

## મને લાગે છે કે મારી પાસેથી વધારે પડતા પૈસા લેવામાં આવ્યા છે. મારે શું કરવું જોઈએ?

જો તમારું કાર્ડ રજિસ્ટર કરાવેલું હોય અને ભૂતકાળમાં તમે ઓનલાઈન ટોપ-અપ કરાવ્યું હોય, તો કૃપા કરીને તમારી મુસાફરીનો ઈતિહાસ ઓનલાઈન તપાસી જુઓ. અથવા, તમારી પાસેથી કેટલા પૈસા લેવામાં આવ્યા છે તે જોવા માટે ટચ સ્ક્રીન ટિકિટ મશીન પર તપાસી જુઓ. જો તમારી પાસેથી લેવામાં આવેલા ચાર્જ વિશે હજુ પણ તમને કશું પૂછવું હોય, તો **0845 330 9876** પર ઓઈસ્ટર હેલ્પલાઈનને ફોન કરો.

## વધારે મદદની જરૂર છે?

- વધારે માહિતી અને વિગતવાર ભાડાં માટે **tfl.gov.uk/oyster** જુઓ
- ટ્યુબ અને લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશનો પર કોઈ કર્મચારી સભ્યને પૂછો
- **0845 330 9876** પર ફોન કરો

ઓગસ્ટ 2011. મુદ્રણમાં જતી વખતે માહિતી સાચી છે. સૌથી છેલ્લામાં છેલ્લી માહિતી માટે, કૃપા કરીને જુઓ **tfl.gov.uk/oyster**

વેબસાઈટ
**tfl.gov.uk**

ઓઈસ્ટર હેલ્પલાઈન નંબર
**0845 330 9876**